**સંસ્થાનું નામ : સરકારી ઈજનેરી કોલેજ, મોડાસા**

**સરનામું : શામળાજી રોડ, મોડાસા – ૩૮૩૩૧૫**

**ટેન્ડર ફોર્મ નં : 01/2025-26**

# TENDER - 01/2025-26

## સંસ્થા ખાતે આવેલ હોસ્ટેલ બ્લોક E માં રહેતા વિદ્યાર્થીઓ માટે (BOYS HOSTEL) હોસ્ટેલ મેસ ચલાવવા માટેની સેવા પૂરી પાડવા માટેનું ટેન્ડર ફોર્મ

| | |
|---|---|
| પરિશિષ્ટ-૧ | કરારની શરતો |
| પરિશિષ્ટ-૨ | પીરસવાના થતાં તૈયાર ભોજન નો પ્રકાર અને દિવસ તથા પ્રતિ સમય/પ્રતિ થાળી ના ભાવ ની વિગત |
| પરિશિષ્ટ-૩ | ટેન્ડર સાથે રજુ કરવાની વિગતો |
| પરિશિષ્ટ-૪ | પૂર્વ લાયકાત માટેનું પત્રક તથા ટેન્ડર ફોર્મ સાથે જોડવાના દસ્તાવેજ તથા પ્રમાણપત્રોની યાદી. |
| પરિશિષ્ટ-૫ | પેઢી/એજન્સી તરફથી ઓફર કરવામાં આવેલ નિભાવ ખર્ચ પેટે ની રકમ નું પત્રક |
| ટેન્ડર ફોર્મ મેળવવાની તારીખ: | જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખ અથવા તા- ૨૦/૧૦/૨૦૨૫, જે મોડું હોય તે તારીખ થી તા- ૦૬ /૧૧ /૨૦૨૫ સુધી. |
| પૂર્વ માહિતી (Prebid) મીટીંગની તારીખ, સમય અને સ્થળ | તારીખ- ૨૭ /૧૧ /૨૦૨૫ સમય બપોરે ૧૨ :૦૦ કલાકે,<br>કોન્ફરન્સ રૂમ, મેઈન બિલ્ડીંગ, સરકારી ઈજનેરી કોલેજ, શામળાજી રોડ, મોડાસા – ૩૮૩૩૧૫ |
| ભરેલ ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ સમય અને સ્થળ. | તારીખ: ૨૫/૧૧ /૨૦૨૫ સમય ૧૬: ૦૦ વાગ્યે સુધી |
| ભરેલ ટેન્ડર માટે પૂર્વ લાયકાતની ચકાસણી માટેની મીટીંગની તારીખ, સમય અને સ્થળ. | તારીખ- ૨૯ /૧૧/૨૦૨૫; સમય બપોરે ૧૨ :૦૦ કલાકે,<br>કોન્ફરન્સ રૂમ, મેઈન બિલ્ડીંગ, સરકારી ઈજનેરી કોલેજ, શામળાજી રોડ, મોડાસા – ૩૮૩૩૧૫ |
| સંસ્થા સાથે પત્ર વ્યવહાર માટેનું પુરુ સરનામું | આચાર્યશ્રી ની કચેરી, સરકારી ઈજનેરી કોલેજ, શામળાજી રોડ, મોડાસા – ૩૮૩૩૧૫ |
| ટેંન્ડર ફી (ફોર્મની કિંમત) | રૂ.૧૫૦૦/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) નો ડિમાન્ડ ડ્રાફ્ટ; "PRINCIPAL, GOVERNMENT ENGINEERING COLLEGE, MODASA, payable at Modasa ના નામનો. ટેન્ડર ફી ની રકમ Non refundable રહેશે. |
| એજન્સી સાથે પત્ર વ્યવહાર માટેનું પૂરું સરનામું અને ફોન નંબર | |

તારીખ:

કોન્ટ્રાકટરની સહી

Government Engineering College • Modasa, Dist. Arvalli •

આચાર્ય

સરકારી ઈજનેરી કોલેજ, મોડાસા

# સંસ્થા ખાતે આવેલ હોસ્ટેલ બ્લોક E માં રહેતા વિધાર્થીઓ માટે (BOYS HOSTEL) હોસ્ટેલ મેસ ચલાવવા માટેની સેવા પૂરી પાડવા માટેનું ટેન્ડર ફોર્મ

## પરિશિષ્ટ-૧

## ઇજારો આપવા અંગેના કરારની શરતો.

(૧) ટેન્ડર ભરનાર એજન્સીએ સંસ્થા ની website (www.gecmodasa.ac.in) ઉપરથી ટેન્ડર ડાઉનલોડ કરી મેળવી શકાશે. રસ ધરાવતી પેઢી એ ટેન્ડર માં માગેલ તમામ વિગતો સંપૂર્ણ રીતે ભરી, ટેન્ડરના દરેક પાના ઉપર ઈજારેદારે સહી કરવી અને સિક્કો મારવો ફરજિયાત છે.

(૨) ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ સ્થાનિક સ્થળ પરિસ્થિતીની જાણ તથા કામનો પ્રકાર, જરૂરિયાત, હોસ્ટેલ મેસની સ્થિતી વગેરેથી સુમાહિતગાર થઈ શકશે. આ અંગેની પ્રી-બીડ મીટીંગ તારીખ- ૨૭ /૧૧/૨૦૨૫ સમય બપોરે ૧૨ :૦૦ કલાકે કોન્ફરન્સ રૂમ, મેઈન બિલ્ડીંગ, સરકારી ઈજનેરી કોલેજ, શામળાજી રોડ, મોડાસા – ૩૮૩૩૧૫ ખાતે રાખેલ છે.

(૩) ટેન્ડર ભરનાર એજન્સીએ અરજી સાથે રૂ. ૧૦,૦૦૦/- નો રાષ્ટ્રીયકૃત બેંકનો ડિમાન્ડ ડ્રાફ્ટ "PRINCIPAL, GOVERNMENT ENGINEERING COLLEGE, MODASA" payable at Modasa ના નામ જોગ અર્નેસ્ટમની ડિપોઝીટ તરીકે ટેન્ડર ની સાથે જમા કરાવવાનો રહેશે. અર્નેસ્ટમની ડિપોઝીટ (EMD) વગરના ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે. જો એજન્સીને ઈજારો ન મળે, તેવા કિસ્સામા તેઓને અર્નેસ્ટમની ડિપોઝીટ (EMD) ની રકમ કોન્ટ્રાકટ આપ્યા પછી એક માસ બાદ પરત મળવા પાત્ર રહેશે, જેનું કોઇ પણ પ્રકારનું વ્યાજ મળવાપાત્ર આવશે નહી.

(૪) ટેન્ડર ભરનાર એજન્સીએ અરજી સાથે નીચે જણાવ્યા મુજબના પ્રમાણપત્રો ની સ્વપ્રમાણિત નકલ જોડાવાની રહેશે.

- ✓ રજીસ્ટ્રેશન: કેન્દ્ર સરકારના વિભાગો/રાજ્ય સરકારના વિભાગો/મ્યુનિસિપલ કોર્પોરેશન વગેરેનું રજીસ્ટ્રેશન નોંધણી નંબર
- ✓ ભારત સરકાર દ્વારા ૦૫/૦૮/૨૦૧૧ થી લાગુ કરવામાં આવેલ Food Safety and Standards (Licensing and Registration of Food Businesses) Regulations, 2011 મુજબનું સક્ષમ સત્તાધીકારીનું માન્ય પરવાનાની પ્રમાણિત નકલ.*
- ✓ વ્યવસાયમાં જોડાયાના રજીસ્ટ્રેશન પ્રનાણાપત્ર
- ✓ સર્વિસ ટેક્ષ રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર
- ✓ પ્રોવિડન્ટ ફંડ ઇ.એસ.આઇ. નંબર પ્રમાણપત્ર
- ✓ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષના વાર્ષિક ટર્ન ઓવરની નકલ (એજન્સીનું પોતાનુ વાર્ષિક ટર્ન ઓવર પ્રતિ વર્ષ ૦૫ લાખ રૂપિયાથી વધુ હોવુ જોઇએ.)
- ✓ આવક વેરા હેઠળ નોંધાવેલ PAN નંબર
- ✓ પૂર્વ ઈતિહાસ સ્વચ્છ છે. સંસ્થાના નાણાંકિય ડિફોલ્ટર નથી. રેકર્ડ પર પોલીસ કેસ નથી તેનુ નોટરી કરાવેલુ બાહેધરી પત્ર.
- ✓ મેસ ચલાવવાનો ઓછામાં ઓછા ૩ વર્ષનો અનુભવ અંગેના પ્રમાણ પત્રો ની નકલ

(૫) એજન્સીએ ટેન્ડર સ્વીકાર્યા થી દિન-૩ માં રૂ. ૫૦,૦૦૦/-નો નેશનલાઈઝ્ડ બેંકનો ડિમાન્ડ ડ્રાફ્ટ સીક્યોરીટી ડીપોઝીટ તરીકે સંસ્થાના કાર્યાલયમા જમા કરાવવાનો રહેશે. સીક્યોરીટી ડીપોઝીટ જમા થયા બાદ જ મેસ ચાલુ કરવાની મંજુરી આપવામા આવશે. ઉપરોક્ત સિક્યોરીટી ડિપોઝીટ રકમ કરારની તમામ શરતો અને મુદત પૂર્ણ થયાના એક માસ બાદ, કામગીરી સંતોષકારક જણાયે અને બીલ સરભર થયે એજન્સીને પરત ચૂકવવામા આવશે. સિક્યોરીટી ડિપોઝીટની રકમ ઉપર કોઇપણ પ્રકારનું વ્યાજ મળવાપાત્ર થશે નહી.

(૬) જે તે એજન્સી ટેન્ડર જમા કરાવ્યા બાદ કોઈપણ સંજોગોમાં ટેન્ડર પ્રક્રિયામાંથી પોતાની ઉમેદવારી રદ કરી શકશે નહી. ગેરલાયક ઠેરવવાની સત્તા આચાર્યશ્રીની પાસે અબાધિત રહેશે.

(૭) જે એજન્સીનુ ટેન્ડર મંજુર થાય તે એજન્સી તે ટેન્ડરમાં દર્શાવેલ કામગીરી કરી શકવાની અશક્તિ દર્શાવી શકશે નહી, જો કોઇ એજન્સી આવું કરશે તો શરત નં-૩ અન્વયે જમા લેવાયેલ અર્નેસ્ટમની ડિપોઝીટ પરત મળવાપાત્ર રહેશે નહી, જેની ગંભીર નોંધ લેવી.

(૮) જો એજન્સી દ્વારા શરતોનુ પુરેપુરૂ પાલન નહી કરવામાં આવે, તો સિક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરવામા આવશે અને આપવામાં આવેલ ઇજારે તાત્કાલીત અસરથી પૂર્ણ જાહેર કરવામાં આવશે.

(૯) છાત્રાલયમા એજન્સીને મેસ ચલાવવાનો કોન્ટ્રાકટ પ્રાથમિક તબક્કે ૧૧ માસ સુધીનો રહેશે. સદર કરારમા ઘટાડો કે વધારો કરવાનો અધિકાર આચાર્યશ્રીનો રહેશે. જે અંગે સંબંધિત ઈજારાદારને એક માસ પૂર્વે માહિતગાર કરવામાં આવશે. જો એજન્સીની કામગીરી સંતોષકારક માલૂમ પડશે તો વધુ એક વર્ષ માટે મુદ્દત વધારી આપવામાં આવશે.

(૧૦) એજન્સીએ વીજળીના બીલ માટે રૂ. ૧૦૦૦/- અને વિધ્યાર્થી વિકાસફંડ પેટે માસિક રૂ.૧૦૦૦/- એમ કુલ રૂ. ૨,૦૦૦=૦૦ પ્રતિ માસ ચૂકવવાના રહેશે. જો ઇલેકટ્રીક મીટર અલગથી મુકવામાં આવે તો જે બીલ આવે તે રકમ ભરવાની રહેશે. આ રૂ. ૨,૦૦૦/- વત્તા એજન્સીએ ઓફર કરેલ હોસ્ટેલ બિલડીગ ના નિભાવણી ખર્ચ પેટે ના નાણાં દર માસની ૧૦ તારીખે સંસ્થાના એકાઉન્ટ સેકશનમાં ભરી તેની પહોંચ હોસ્ટલ બ્લોકના ક્લાર્કને આપવાની રહેશે. એમ કરવામા નિષ્ફળ જતા, કોન્ટ્રાકટ રદ થવાને પાત્ર થશે તેમજ સદર નાણાની વસૂલાત એજન્સીએ જમા કરાવેલ સિક્યોરીટી ડીપોઝીટમાંથી કરવામાં આવશે.

(૧૧) રસ ધરાવતિ પેઢીએ આ મેસ ચલાવવા માટે જરૂરી તમામ સાધન સામગ્રીની વ્યવસ્થા પોતાની જાતે કરવાની રેહશે. સામાન્ય રીતે પાણીનો પુરવઠો વિના મૂલ્યે આપવામા આવશે. જો એમ માલૂમ પડશે કે એજન્સી પાણીનો દુરઉપયોગ કરે છે તો પાણીનો પુરવઠો બંધ કરવામા આવશે. અને પાણી અંગેની વૈકલ્પિક વ્યવસ્થા એજન્સીએ જાતે જ કરવાની રહેશે

(૧૨) એજન્સીએ એક મોટા કવર ઉપર મોટા અક્ષરે "બોયસ હોસ્ટેલ મેસનુ ટેન્ડર" લખી તેમા પૂર્વલાયકાત નું બંધ કવર તથા ભાવપત્રક સીલબંધ (ફરજીયાત) મુકી આ બંધ કવર તારીખ: ૩૦/૦૫/૨૦૨૩ ના રોજ સાંજના ૧૬:૦૦ કલાક સુધીમા આચાર્યશ્રીની કચેરી, સરકારી ઇજનેરી કોલેજ, શામળાજી રોડ, મોડાસા – ૩૮૩૩૧૫ ખાતે જમા કરાવવાનું રહેશે. કુરીયર, પોસ્ટ કે અન્ય માધ્યમ થી મોકલેલ ટેન્ડર નકલ સસ્થા ખાતે ન પહોંચવા ના કારણો માટે સસ્થા કોઇ રીતે જવાબદાર રહેશે નહી.

(૧૩) પૂર્વલાયકાત ધરાવતું ટેકનીકલ બીડનું કવર તારીખ: ૨૯/૧૧/૨૦૨૫ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે આચાર્યશ્રીની કચેરીમાં ખોલવામા આવશે. આ સમયે આ ટેન્ડર માં ભાગ લેનાર પેઢી ના પ્રતિનીધી હાજર રહી શકશે.

(૧૪) અર્નેસ્ટમની ડિપોઝિટનો ડ્રાફ્ટ અને પૂર્વ લાયકાત ફોર્મ એક જ કવરમા મુકવા. ભાવપત્રક જુદા સીલબંધ કવરમા મુકવું. ઉપર મુજબના બન્ને કવરો ત્રીજા સિલબંધ કવરમાં મુકી આચાર્યશ્રીની કચેરી, સરકારી ઇજનેરી કોલેજ, શામળાજી રોડ, મોડાસા – ૩૮૩૩૧૫ ખાતે જમા કરાવવાના રહેશે.

(૧૫) સૂચનો અને ફરિયાદો અંગેનુ એક રજીસ્ટર એજન્સીએ કોન્ટ્રાકટ મળ્યા પછી જાહેરમાં ટેબલ પર રાખવાનુ રહેશે.

(૧૬) એજન્સીએ બોયસ છાત્રાલયમા કર્મચારી તરીકે પુખ્તવયના પુરૂષ કર્મચારીઓને જ નિમવાના રહેશે. આ કર્મચારીઓ ફરજ દરમ્યાન કોઇ ગંભીર/ચેપી બિમારીથી પીડાતા ન હોવા જોઇએ.

(૧૭) મેસમાં કામ ન કરતાં હોય તેવા બહારના કોઇ વ્યકિતઓ રાત્રે રોકાણ કરી શકશે નહી.

(૧૮) રાંધવા માટે સારી ગુણવત્તાનુ અનાજ, ખાધતેલ, કઠોળ કે અન્ય ચીજવસ્તુઓ જ વાપરવાની રહેશે. ભારત સરકારના Food Safety and Standards Act, 2006 ના ધારાધોરણો મુજબની ખાધ સામગ્રી વાપરવાની રહેશે.



Government Engineering College Modasa, Dist. Arvalli

(૧૯) છાત્રાલયની મેસમાં કામ કરતા કર્મચારીઓને એજન્સી તરફથી ગણવેશ આપવાનો રહેશે. ગણવેશ સિવાય કર્મચારીઓ પાસે કામ લઇ શકાશે નહી.

(૨૦) ફૂડ કોન્ટ્રોલ ખાતા તરફથી તેમજ મ્યુનિસિપાલીટી હેલ્થ ખાતા તરફથી અવાર-નવાર તપાસણી થતા કસુરવાર જણાયે નિમણૂંક પામેલ એજન્સીનો કોન્ટ્રાકટ કોઇપણ પ્રકારની જાણ કર્યા સિવાય રદ કરવામાં આવશે તથા તેઓની ડિપોઝીટ પણ જપ્ત કરવામાં આવશે.

(૨૧) મેસમાં ભોજનનો સમય સવારે ૯:૩૦ થી ૧૧:૦૦ તથા સાંજે ૦૭:૦૦ થી ૦૮:૩૦ નો રહેશે. વિદ્યાર્થીઓ ના શૈક્ષણિક કાર્યને અસર ન પહોંચે એ હેતુસર તેમને સમયસર ભોજન પીરસવાનું રહેશે.

(૨૨) એજન્સીની મેસના કોન્ટ્રાકટની મુદત પુરી થતા જ મેસનો ચાર્જ આચાર્યશ્રી ને સોંપવાનો રહેશે. તેમ કરવામાં કસુર થશે તો સીક્યોરીટી ડીપોઝીટ જપ્ત થશે તેમજ મેસ ખાલી કરાવવા માટે જે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે તેનો સઘળો ખર્ચ એજન્સી પાસેથી વસુલ કરવામાં આવશે.

(૨૩) નિયમાનુસાર મેસ ચલાવવા માટેના જરૂરી લાયસન્સો અને પરવાનગીઓ જે તે એજન્સીએ/ઠેકેદારે સરકારશ્રીની નિયુક્ત કચેરીમાંથી પોતાની જાતે મેળવવાની રહેશે અને હૉસ્ટેલના રેકટર/ક્લાર્ક ને જમા કરાવવાની રહેશે. તેમાં બેદરકારી રાખવા બદલ એજન્સીની ઇજારો તાત્કાલિક અસરથી રદ થશે.

(૨૪) એજન્સીએ મેસમાં કામગીરી માટે ના કામદારો ની વ્યવસ્થા પોતાની રીતે કરવાની રહેશે, અને તેઓની સંપૂર્ણ જવાબદારી ઇજારો રાખનાર એજન્સીની રહેશે. આ કર્મચારીઓની વર્તુણૂંક સારી, વિનયી હોવી જોઇએ અને તે કોઇ ગેરકાનૂરી પ્રવૃતિ ન કરે તે જોવાની જવાબદારી એજન્સીની રહેશે. કર્મચારીઓ સ્વચ્છ કપડા સાથે કામ કરતા હોવા જોઇએ. મેસમાં કામ કરતા દરેક કર્મચારીઓના નામ, સરનામા તથા ફોટાની માહિતી સંસ્થાના કાર્યાલયમાં અને હોસ્ટેલના વૉર્ડનને સબમીટ કરવાના રહેશે.

(૨૫) એજન્સી જે કર્મચારીઓ/કામદારો ને ઉપરોકત કામગીરી માં રાખશે તેઓનો પગાર, ખાધાખોરાકી અને અન્ય ખર્ચ એજન્સીએ ભોગવવાનો રહેશે. આ અંગે સંસ્થા/કચેરીની કોઇ જવાબદારી રહેશે નહી.

(૨૬) એજન્સીએ દરરોજ મેસમાં નોટીસ બોર્ડ પર રોજે રોજ પીરસવાની ખોરાક ની યાદી ફરજિયાત લખવાની રહેશે.

(૨૭) એજન્સી સીધી કે આડકતરી રીતે કોઇપણ પ્રકારનું દબાણ લાવવાનો પ્રયત્ન કરશે તો, તેનુ ટેન્ડર માન્ય રાખવામા આવશે નહી, જેની ખાસ નોંધ લેવી.

(૨૮) એજન્સી મેસના કોઇ ભાગને ભાડે અથવા પેટાભાડે આપી શકાશે નહી કે મેસના મકાનમાં સસ્થા ની મંજૂરી વિના કોઇ જાતનો ફેરફાર કરી શકશે નહી.

(૨૯) એજન્સી મેસમાં કોઇ લગ્ન અંગેની પાર્ટી, રીસેપ્સન અને મેળાવડો કરી શકશે નહિ. જો કોઇ પ્રોગ્રામ સંસ્થાના કામ માટે કરવાનો થાય, તો તેની આચાર્યશ્રી ની અગાઉ લેખિત મંજુરી મેળવવાની રહેશે.

(૩૦) મેસમાં કામ વગર કોઇ છાત્ર/છાત્રા, સંસ્થાના કર્મચારી કે અન્ય વ્યકિત બેસી ન રહે તે એજન્સીએ જોવાનું રહેશે.

(૩૧) મેસની અંદર અને મેસની આસપાસની જગ્યાની સફાઇ કરાવવાની જવાબદારી એજન્સીની રહેશે.

(૩૨) એજન્સીએ મેસમાં ફરજ બજાવતા કર્મચારીઓને તેમની ફરજ દરમ્યાન કોઇ અકસ્માત, મૃત્યુ કે શારીરિક ઈજાનો પ્રસંગ બને તો તે અંગેની જવાબદારી એજન્સીની રહેશે. આ અંગે ચૂકવવા પાત્ર નુકશાની કે દાવાની કોઇ રકમની ચુકવણી સંસ્થા કરશે નહી.

(૩૩) આચાર્યશ્રી/રેકટરશ્રી/કમીટી/વૉર્ડનશ્રી તરફથી વખતો વખત મળતી સૂચનાઓનુ પાલન કરવાનુ રહેશે.

(૩૪) શરતી ટેન્ડર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

(૩૫) આચાર્યશ્રી, સરકારી ઇજનેરી કોલેજ, શામળાજી રોડ, મોડાસાનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

(૩૬) એજન્સી પેટા કોન્ટ્રાકટ આપી શકશે નહી અને જો આમ થયાનું જાણવા મળશે તો એજન્સીનો કોન્ટ્રાકટ તાત્કાલીક અસરથી રદ કરવામાં આવશે.

(૩૭) આ કામગીરી દરમ્યાન કોઈપણ પ્રકારનુ (વેસ્ટ/વોઈસ/નોઈસ/વાઈબ્રેશન/સ્મોક વિગેરે પ્રકારે) પ્રદૂષણ થાય નહી તે જરૂરી છે. જાહેર આરોગ્ય/જાહેરહિત ના સામાન્ય નિયમોનું પાલન નહી કરવા બાબતની જો કોઈ ફરિયાદ માલૂમ પડશે, તો તેનો વહીવટી ચાર્જ વસૂલ કરવામા આવશે. અને કાયદાકીય રાહે પગલા લેવામાં આવશે.

(૩૮) મેસવાળી જગ્યામાં તથા બહાર કોઈપણ પ્રકારનો કચરો નાખવો નહી. તેમજ વેસ્ટ વોટર વહેવડાવવુ નહી. ભીનો કચરો તથા સૂકો કચરો અલગ અલગ પાત્રોમા એકઠો કરવો તથા આવા પાત્રો બંધ ઢાંકણવાળ હોવા ફરજીયાત છે. કીચન વેસ્ટ નિયમ મુજબ સ્થાનિક સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ ખાતાએ નક્કી કરેલ કોન્ટ્રાકટર પાસે કરાર કરી સ્થાનિક સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ ખાતાના માન્ય ડમ્પીંગ સાઈટ ઉપર નિકાલ કરવો.

(૩૯) પીવાના તથા રસોઇ બનાવવાના પાણી સંગ્રહની તમામ ટાંકીઓ/સાધનો હવા ચૂસ્ત ઢાંકણથી બંધ રાખવા.

(૪૦) લઘુત્તમ ભાવો સરખાં આવવાના કિસ્સામા એજન્સીનો અનુભવ અને અન્ય માપદંડ ને ધ્યાનમા લેવામા આવશે. એજન્સીને કોન્ટ્રાકટ આપવો કે નહી તેનો આખરી નિર્ણય આચાર્યશ્રી, સરકારી ઈજનેરી કોલેજ, મોડાસા દ્વારા કરવામા આવશે.

(૪૧) મેસ બિલ્ડીંગના પ્રોપર્ટી ટેક્ષ ની રકમ ચૂકવવાની જવાબદારી જે તે એજન્સીની રહેશે.

(૪૨) ટેન્ડર સાથે બીડવાની વિગતોની અપૂર્ણતાને કારણે ટેન્ડર રદબાતલ થઈ શકે છે.

(૪૩) એજન્સીએ મેશનો હિસાબ રોકડમાં જ કરવાનો રહેશે. આ સંસ્થાના કોઇપણ વિદ્યાર્થીની, કર્મચારી કે અધિકારીના બિલોના બાકીના રૂપિયા અગે સસ્થાની કોઈપણ જવાબદારી રહેશે નહીં.

(૪૪) એજન્સીએ વિદ્યાર્થીઓને જમવામાં આ સાથે મેનુમાં જણાવેલ વિગતોનું બપોરનું તેમજ રાત્રિનું ભોજન પૂરૂ પાડવાનું રહેશે. ભોજનબીલ ની રકમ ટેન્ડરમાં નકકી કરેલ ભાવ પ્રમાણે જ વિદ્યાર્થીઓ પાસેથી લેવાની રહેશે.

(૪૫) અન્ન અને નાગરિક પૂરવઠા વિભાગના હુકમ અનુસાર બિન-ઘરગથ્થુ (COMMERCIAL) કક્ષા હેઠળનો ગેસ સિલીન્ડર પૂરવઠો એજન્સીએ પોતાના ખર્ચે અને જોખમે મેળવવાનો રહેશે. જેની માટે બિન-ઘરગથ્થુ (COMMERCIAL) કક્ષા હેઠળનો ગેસ સિલીન્ડરની સાચવણી, રીપેરીગની સંપૂર્ણ જવાબદારી એજન્સીની રહેશે.

(૪૬) એજન્સીએ મેશ ચલાવવા માટે રાખેલ રસોઈયાઓ/કામદારો/વર્કરો માટે નીચે જણાવેલ કાયદાઓનું ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(અ) વર્કમેન લેબર રેગ્યુલેશન એક્ટ
(બ) મીનીમમ વેજીસ એક્ટ
(ક) પ્રોવીડન્ટ ફન્ડ એકટ
(ડ) ઇ. એસ. આઇ. વગેરે

(૪૭) એજન્સીએ મેશમાં કામ કરતાં કામદારોનું / રસોઇયાઓનું મેડીકલ ચેક અપ દર ૦૬ (છ) મહિને લાયકાત ધરાવતા ડોકટર પાસે કરાવવાનું રહેશે, તે પ્રમાણપત્ર હૉસ્ટેલના રેકટર / વૉર્ડનશ્રીને સબમીટ કરાવવાનું રહેશે. જો કોઇ કામદાર / રસોઇયો રોગથી પીડાતો હોય, તો તુંરત જ તેને દૂર કરવાનો રહેશે.

(૪૮) મેશમાં રાખવામાં આવતા ખાધ્ય પદાર્થો માટે જરૂરી એવું ફૂડ ઈન્સપેકટરનું સર્ટીફીકેટ અને તે અંગેની સઘળી / સંપૂર્ણ જવાબદારી એજન્સીની રહેશે.

(૪૯) જો એજન્સી સૂચવ્યા પ્રમાણેની આઇ. એસ. આઇ. / એગમાર્ક વાળી ખાધ્ય સામગ્રી / સાધન કરતાં હલકી કક્ષાની ખાધ્ય સામગ્રી / સાધન વપરાશ કરતાં માલૂમ પડશે તો સક્ષમ અધિકારી દ્વારા નકકી કરવામાં આવેલ દંડ ની રકમ સંસ્થામાં ભરવાની રહેશે. તદ ઉપરાંત જરૂર જણાય તો, કરાર રદ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

(૫૦) ખાધ્ય સામગ્રીની ગુણવત્તા નીચે જણાવેલ ગુણવત્તા તથા ધોરણ પ્રમાણેની અથવા વખતો વખત સક્ષમ અધિકારી દ્વારા જણાવ્યા પ્રમાણે સુધારા વધારાવાળી રહેશે.

| ક્રમ નંબર | ખાધ્ય સામગ્રીનું વર્ણન | ઉત્પાદક / કંપનીનું નામ |
|---|---|---|
| ૧ | ડબલ રિફાઈન્ડ સીંગ તેલ | રાજમોતી, અંકૂર, ગુલાબ |
| ૨ | ભાત | જીરાસર, ગુજરાત ૧૭, કૃષ્ણકમોદ |
| ૩ | બાસમતી ભાત | કોહીનૂર , દાવત, પરી |
| ૪ | પાપડ | લિજ્જત, ઉત્તમ, ભગત |
| ૫ | બેશન | ગાય છાપ, આસોપાલવ, કેપ્ટન |
| ૬ | મસાલા | એવરેસ્ટ, રામદેવ, બાદશાહ |
| ૭ | બટર, ચીઝ, પનીર, છાશ | અમુલ, મધુર, ડેરી રીચ |
| ૮ | દૂધ, દહી | અમુલ, લોકલ માર્કેટનું તાજું |
| ૯ | લોટ | આશીર્વાદ અથવા સારી ગુણવતા વાળા ઘઉ નો તાજો દળેલો લોટ |

(૫૧) ઉપરોક્ત તમામ શરતો મેં સમજીને વાંચી અને તે બધી જ શરતો મને મંજુર છે. જો મને કોન્ટ્રાકટ મળશે, તો તેનું અક્ષરશ: પાલન કરવા હું બંધાયેલ છું.

(૫૨) કોઈ પણ મતભેદ કે તકરાર મોડાસા ન્યાય અધિકરણ ને આધીન રહેશે. ઉપરોક્ત સર્વે શરતો મે વાંચેલ છે, સમજેલ છે અને તે મને મંજૂર છે.

તારીખ: અરજદારની સહી અને સિક્કા:

## પરિશિષ્ટ-૨

## પીરસવાના થતાં તૈયાર ભોજન નો પ્રકાર અને દિવસ તથા પ્રતિ સમય/પ્રતિ થાળી ના ભાવ ની વિગત

| ક્રમ | વારનું નામ | બપોરનાં ભોજનનો પ્રકાર | સાંજનાં ભોજનનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | સોમવાર | લીલોતરી શાક, કઠોળનું શાક, દાળ, ભાત, રોટલી અથવા પુરી, કચુંબર, છાશ. | થેપલા અથવા રોટલી અથવા ભાખરી, લીલોતરી શાક અથવા કઠોળનું શાક, પુલાવ, છાશ, પાપડ. |
| ૨ | મંગળવાર | લીલોતરી શાક, કઠોળનું શાક, દાળ, ભાત, રોટલી અથવા પુરી, કચુંબર, છાશ. | રોટલી અથવા ભાખરી, ડુંગળી-બટાકા/ ટામેટા-વટાણા-બટાકા, કઠોળનુ શાક, ખીચડી-કઢી, પાપડ, છાશ |
| ૩ | બુધવાર | લીલોતરી શાક, કઠોળનું શાક, દાળ, ભાત, રોટલી અથવા પુરી, કચુંબર, છાશ. | છોલેચણા અથવા પાઉ-ભાજી, પુલાવ, છાશ, ડુંગળી, મરચા, પાપડ. |
| ૪ | ગુરૂવાર | લીલોતરી શાક, કઠોળનું શાક, દાળ, ભાત, રોટલી અથવા પુરી, કચુંબર, છાશ. | પંજાબી શાક અથવા આલુ-મટર અથવા મલાઇકોપતા, કઠોળ નું શાક, રોટલી અથવા પરોઠા, દાલફ્રાઇ, જીરા-રાઈસ, છાશ, પાપડ. |
| ૫ | શુક્રવાર | લીલોતરી શાક, કઠોળનું શાક, દાળ, ભાત, રોટલી અથવા પુરી, કચુંબર, છાશ. | દાળ-ઢોકળી, ભાત, સેવ-ટામેટાનું શાક, લીલોતરી અથવા કઠોળનું શાક, રોટલી, પાપડ, છાશ. |
| ૬ | શનિવાર | લીલોતરી શાક, કઠોળનું શાક, દાળ, ભાત, રોટલી અથવા પુરી, કચુંબર, છાશ. | દાલ-બાટી, ભાત, ચટણી, છાશ, ડુંગળી, પાપડ. |
| ૭ | રવિવાર | રોટલી અથવા પુરી, મીઠાઈ (મર્યાદિત જથ્થામાં), ફરસાણ, લીલોતરી અથવા કઠોળનું શાક, બટાકાનુ શાક, કઢી-ભાત/દાળભાત, કચુંબર. (રવિવારે છાશ આપવામા આવશે નહીં.) | ભાખરી અથવા રોટલી, શાક, ખીચડી-કઢી, છાશ, પાપડ. |

**<u>ફરસાણ (ચટણી સાથે): મીક્ષ ભજીયા, પાતરા, સેન્ડવીચ ઢોકળા, ગોટા, બટાકાવડા, કટલેશ, સેવરોલ (કોઈપણ એક).</u>**

**<u>મીઠાઈ:</u> મોહનથાળ, ટોપરાપાક, ગુલાબજાંબુ, સોજીનો શીરો, ગાજર/દૂધીનો હલવો, સુખડી, કેરીનો રસ, શ્રીખંડ, ફ્રુડસલાડ, દૂધપાક (કોઈપણ એક).**

- ✓ મીઠાઈ દર રવિવારે ફરસાણ સાથે આપવાની રહેશે.
- ✓ દૂધ/છાશ ૨૦૦ml. આપવાની રહેશે
- ✓ દૂધ/છાશ, સિવાયની આઇટમો અમર્યાદિત જથ્થામાં આપવાની રહેશે.
- ✓ મીઠાઇ મર્યાદિત જથ્થામા આપવાની રહેશે.

**<u>ઉપરોક્ત મેનુ પ્રમાણે તૈયાર ભોજન પૂરું પાડવાનો બપોરની તથા સાંજની એક અનલીમીટેડ થાળી માટેનો દર:</u>**

| | |
|---|---|
| **<u>સવારનું લંચ અથવા સાંજની થાળી માટેનો (અનલીમીટેડ થાળી) દર એક ડીશનો ભાવ</u>** | **રૂપીયા ૬૦=૦૦ અકે રૂ. સાઠ પૂરા** |

અરજદારની સહી અને સિક્કા:

અરજદારનુ નામ અને સરનામુ:

Government Engineering College • Modasa, Dist. Arvalli • सत्यमेव जयते

## પરિશિષ્ટ-૩

### બોયસ હોસ્ટેલ ની મેસ ના ટેન્ડર સાથે રજુ કરવાની વિગતો

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | એજન્સીના માલીકનું નામ | : | | |
| ૨ | એજન્સીનું નામ તથા સરનામુ | : | | |
| ૩ | એજન્સી માલિક/ભાગીદારનો ટેલિફોન નંબર, ફેક્ષ નંબર અને ઇ-મેઇલ | : | | |
| ૪ | રજીસ્ટ્રેશન: કેન્દ્ર સરકારના વિભાગો/રાજ્ય સરકારના વિભાગો/મ્યુનિસિપલ કોર્પોરેશન વગેરેનું રજીસ્ટ્રેશન નોંધણી નંબર | : | | |
| ૫ | ભારત સરકાર દ્વારા ૦૫/૦૮/૨૦૧૧ થી લાગુ કરવામાં આવેલ Food Safety and Standards (Licensing and Registration of Food Businesses) Regulations, 2011 મુજબનું સક્ષમ સત્તાધીકારીનું માન્ય પરવાનાની પ્રમાણિત નકલ.* | : | | |
| ૬ | વ્યવસાયમાં જોડાયાનુ વર્ષ | : | | |
| ૭ | વ્યવસાયવેરો રજીસ્ટ્રેશન નંબર | : | | |
| ૮ | સર્વિસ ટેક્ષ રજીસ્ટ્રેશન નંબર જો હોય તો (લાગુ ન પડતુ હોય તો કારણો દર્શાવવા) | : | | |
| ૯ | પ્રોવિડન્ટ ફંડ ઇ.એસ.આઇ. નંબર (લાગુ ન પડતુ હોય તો કારણો દર્શાવવા) | : | | |
| ૧૦ | નાણાકીય વર્ષના વાર્ષિક ટર્ન ઓવરની વિગતો એજન્સીનું પોતાનુ વાર્ષિક ટર્ન ઓવર ૦૫ લાખ રૂપિયા થી વધુ હોવુ જોઇએ. | : | નાણાકીય વર્ષ | ટર્ન ઓવર ની રકમ |
| | | | ૨૦૨૨-૨૩ | |
| | | | ૨૦૨૩-૨૪ | |
| | | | ૨૦૨૪-૨૫ | |
| ૧૧ | આવક વેરા હેઠળ નોંધાવેલ PAN નંબર | : | | |
| ૧૨ | છેલ્લા ત્રણ વર્ષના નાણાંકિય આઇ. ટી. રીટર્ન. | : | | |
| ૧૩ | એજન્સી પાસે તાલિમબધ્ધ સ્ટાફ છે? રસોઇ યંત્રો છે? ક્યા ક્યા? તેની વિગત | :<br>: | | |
| ૧૪ | પૂર્વ ઇતિહાસ સ્વચ્છ છે? સંસ્થાના નાણાંકિય ડિફોલ્ટર નથી રેકર્ડ પર પોલીસ કેસ નથી તેનુ નોટરી કરાવેલુ બાહેધરી પત્ર આપવું. | : | | |
| ૧૫ | અર્નેસ્ટ મની ડિપોઝીટની રકમ ભર્યાની રસીદની વિગત ડ્રાફટ નંબર તારીખ બેંકની વિગત | :<br>: | | |
| ૧૬ | મેસ ચલાવવાનો ઓછામાં ઓછા ૩ વર્ષનો અનુભવ અંગેના પ્રમાણ પત્રો (નકલ સામેલ રાખવી) | : | | |
| ૧૭ | ટેન્ડર ફીની રકમ રૂ. ૧૫૦૦/- ભર્યાની રસીદની વિગત; ડ્રાફટ નંબર તારીખ બેંકની વિગત | | | |

અરજદારનુ નામ અને સરનામુ:

Government Engineering College Modasa, Dist. Arvalli

અરજદારની સહી અને સિક્કા:

**પરિશિષ્ઠ ૪**
**(પૂર્વ લાયકાત ફોર્મ)**

# ફકત કચેરી ના ઉપયોગ હેતુ

બોયસ હોસ્ટેલની મેસના ટેન્ડર ફોર્મ સાથે જોડવાના દસ્તાવેજ તથા પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલો

| ક્રમ | જોડવાના દસ્તાવેજ અથવા પ્રમાણપત્રો | સામેલ છે? હા/ના સ્પષ્ટ લખવું |
|---|---|---|
| ૧ | અરજદારના પાસપોર્ટ સાઇઝના ફોટા નંગ – ૨ | |
| ૨ | ફોટા સાથેની કાયમી રહેઠાણના પુરાવાની નકલ (ઇલેક્શન કાર્ડ, ડ્રાઇવિંગ લાયસન્સ, પાસપોર્ટની પ્રમાણિત નકલ, આધાર કાર્ડ વગેરેમાંથી) | |
| ૩ | અર્નેસ્ટમની ડી. ડી. ચેક નં : ___________ તારીખ __________<br>બેંક : ____________________________<br>રકમ રૂ.: ____________________________ | |
| ૪ | ગુમાસ્તાધારા અંતર્ગત સંસ્થાની નોધણી અંગેનું સક્ષમ સત્તાધીકારીનું માન્ય પ્રમાણપત્રની નકલ. | |
| ૫ | ભારત સરકાર દ્વારા ૦૫/૦૮/૨૦૧૧ થી લાગુ કરવામાં આવેલ Food Safety and Standards (Licensing and Registration of Food Businesses) Regulations, 2011 મુજબનું સક્ષમ સત્તાધીકારીનું માન્ય પ્રમાણપત્રની નકલ. | |
| ૬ | PAN કાર્ડની પ્રમાણિત નકલ. | |
| ૭ | છેલ્લા ત્રણ નાણાકીય વર્ષની ઇન્કમ ટેક્સ રિટર્ન ની નકલ. | |
| ૮ | કોઇ પણ સ્થળે કામગીરી બદલ 'અયોગ્ય' ઠરાવાયેલ નથી એવું અરજદારની નોટરી દ્વારા પ્રમાણિત નકલ. | |
| ૯ | હાલમાં કામ/ કોન્ટ્રાકટ મેળવેલ હોય તેવી સંસ્થાઓના વર્ક ઓર્ડર અને સંતોષકારક કામગીરીના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ. | |

ચકાસણી કરનાર અધિકારીઓના નામ અને સહી:

(૧)

(૨)

(૩)

(૪)

(૫)

(૬)

(૭)

(૮)

Government Engineering College • Modasa, Dist. Arvalli •

## <u>પરિશિષ્ઠ ૫</u>
## <u>નોંધ – ભાવ-પત્રક અલગ કવરમાં આપવું</u>

### <u>સરકારી ઈજનેરી કોલેજ, મોડાસા ખાતે હોસ્ટેલ બ્લોક E માં રહેતા વિધાર્થીઓ માટે (BOYS HOSTEL) હોસ્ટેલ મેસ ચલાવવા માટે પેઢી/એજન્સી તરફથી ઓફર કરવામાં આવેલ નિભાવ ખર્ચ પેટે ની રકમ નું પત્રક</u>

પેઢી નું નામ : ______________________________________________

આથી હું નીચે સહી કરનાર એ બાબત સાથે સંમત થાઉ છું કે

(૧) આ ટેન્ડર માં જણાવેલ પરિશિષ્ઠ ૧ તથા ૨ ની શરતો વાંચી અને સમજેલ છે.

(૨) પરિશિષ્ઠ ૩ માં તમામ જરૂરી વિગતો ભરેલ છે

(3) પરિશિષ્ઠ ૪ માં માગેલ દસ્તાવેજો જોડેલ છે.

મારા આ **<u>હોસ્ટેલ બ્લોક E (BOYS HOSTEL) હોસ્ટેલ મેસ</u>** ચલાવવા માટેના સંસ્થાને પ્રતિ માસ ચૂકવવાની નિભાવ ખર્ચ પેટે નીચે જણાવ્યા મુજબ ની રકમ ચૂકવવાની તૈયારી દર્શાવું છું. આ રકમ ઉપરાંત પ્રતિ માસ ના ઇલેકટ્રીક પાવર ના વપરાશ અગે સંસ્થા તરફથી આકારવામાં આવેલ ઇલેકટ્રીક બીલ તથા વિધ્યાર્થી વિકાસ ફંડ ની રકમ ભરવા પણ હું બંધાયેલ છું.

એજન્સી દ્વારા નિભાવ ખર્ચ પેટે સંસ્થાને ચૂકવવાનો માસિક દર રૂપિયા ________________

(શબ્દોમાં ______________________________________________)

**(ઇલેકટ્રીક બીલ તથા વિધ્યાર્થી વિકાસ ફંડ ના રૂ. ૨,૦૦૦/- ઉપરાત ની રકમ)**

આ કામગીરી માટે કુલ ચૂકવવાની થતી રકમ હું દરેક માસ ની ૧૦ તારીખ સુધી ભરપાઇ કરી દઇશ તેની બાંહેધરી આપું છું.

અરજદારની સહી અને સિક્કા:

અરજદારનુ નામ અને સરનામુ:

**નોધ: હોસ્ટેલ મેસ ના નિભાવ ખર્ચ પેટે સૌથી વધુ રકમ ચૂકવવાની તૈયારી દર્શાવશે તે એજન્સીને કેન્ટીન ચલાવવા માટેનો ઈજારો આપવામાં આવશે.**